# हिंदुस्ताननी भूगोळ.

(પ્રશ્નોત્તરમાં)

ગુજરાતી ચોથા ધોરણવાળા વિદ્યાર્થિઓને ખાનગી
શીખવા સારૂ

**ડાહ્યાભાઈ જગજીવંદાસ**
મુંબઈની ગોકળદાસ તેજપાળ એંગ્લો વર્નાક્યુલર
સ્કુલના આસિસ્ટંટ માસ્તરે
છપાવી પ્રસિદ્ધ કરી.

સુધારો તથાવધારો કરેલી (આવૃત્તિ આઠમી).





**મુંબઈ.**
ધિ પારસી પ્રિન્ટિંગ પ્રેસમાં
પ્રાણજીવન નારણજીએ છાપી છે.
સન ૧૮૮૫

**કિમ્મત ત્રણ આના.**

२३६५

# हिंदुस्ताननी भूगोळ.

## (પ્રશ્નોત્તરમાં)

સવાલ—છોકરાઓ બોલો તો આપણો હિંદુસ્તાન દેશ ક્યાં છે?

જવાબ—એ દેશ એશિયાખંડની દક્ષિણ દિશા તરફ છે.

સ—હિંદુસ્તાન દેશનો આકાર કેવો છે ?

જ—ત્રિકોણાકાર, એટલે ત્રણ ખૂણાના આકાર જેવો છે.

સ—હિંદુસ્તાનનું બીજું નામ શું, તે તમો જાણો છો ?

જ—હાજી, એનું બીજું નામ (ભરતખંડ).

સ—હિંદુસ્તાનનું નામ ભરતખંડ શા ઉપરથી પડયું ?

જ—કોઇ ભરત કરીને મોટો રાજા થઇ ગયો તે ઉપરથી.

સ—હિંદુસ્તાનની ચતુર સીમા કહી જાઓ ?

જ—ઉત્તરે હિમાલય પર્વત તથા તેની પેલી તરફ ટિબેટ દેશ; પશ્ચિમે અફગાનિસ્તાન તથા આરબી સમુદ્ર, દક્ષિણે હિંદી-માહાસાગર; અને પૂર્વે બંગાળાનો ઉપસાગર, તથા તેની પેલી તરફ બ્રહ્મદેશ છે.

સ—ત્યારે હિંદુસ્તાનની ચારે દિશાના કોણની હદ પર શું શું આવેલું છે ?

જ—વાયવ્ય કોણની હદપર સુલેમાન પાહાડો તથા મોટી સિંધુ નદી છે; ઇશાન કોણની હદ પર મોટી બ્રહ્મપુત્રા નદી છે; અને નૈરૂત્ય તથા અગ્નિ કોણની હદ પર સમુદ્ર એટલે હિંદી માહાસાગર છે.

સ—હિંદુસ્તાનની ઉત્તરનો ટિબેટ દેશ હિંદુસ્તાનથી શાથી જૂદો પડે છે ?

જ—હિમાલય પર્વતથી.

સ—ત્યારે અફગાનિસ્તાન હિંદુસ્તાનથી શાથી જૂદું પડે છે ?
જ—સુલેમાન પાહાડો તથા સિંધુ નદીથી.
સ—હિંદુસ્તાનની પૂર્વ તરફનો બ્રહ્મદેશ શાથી જૂદો પડેછે ?
જ—આસામના પાહાડ તથા બંગાળાના ઉપસાગરથી.
સ—હિંદુસ્તાનના કેટલા ભાગ કીધા છે; તેનાં નામ દો ?
જ—ત્રણ ભાગ; ( ઉત્તર ) હિંદુસ્તાન, ( મધ્ય ) હિંદુસ્તાન, ને ( દક્ષિણ ) હિંદુસ્તાન.
સ—એ ત્રણે ભાગ કોની કોની વચ્ચે છે તે કોહો ?
જ—(ઉત્તર) હિંદુસ્તાન હિમાલય પર્વત તથા શિવાલિક પાહાડની વચ્ચે છે; (મધ્ય) હિંદુસ્તાન શિવાલિક પાહાડ તથા નર્મદા નદી વચ્ચે છે; ને (દક્ષિણ) હિંદુસ્તાન નર્મદા નદીની દક્ષિણ તરફનો જે બધો ભાગ તે.
સ—ઉત્તર હિંદુસ્તાનમાં ક્યા ક્યા પ્રાંતો આવેલા છે ?
જ—કાસ્મીર, નેપાલ, ને ભૂતાન.
સ—કાસ્મીર, નેપાલ, ને ભુતાનની રાજધાની બોલો ?
જ—કાસ્મીરની રાજધાની (શ્રીનગર), નેપાલની (ખેટમેન્દુ,) અને ભુતાનની રાજધાની (ટાર્સીસ્યુડન) છે.
સ—ઉત્તર હિંદુસ્તાનથી દક્ષિણ જતાં કયું હિંદુસ્તાન આવે ?
જ—મધ્ય હિંદુસ્તાન.
સ—મધ્ય હિંદુસ્તાનમાં આવેલા પ્રાંતો બોલો ?
જ—બંગાળા, બાહાર, અલાહાબાદ, અયોધ્યા, દીલ્લી, આગ્રા, પંજાબ, મુલતાન, રજપૂતસ્થાન, માળવા, ગુજરાત, કચ્છ, ને સિંધ.
સ—ઉપલા પ્રાંતોની રાજધાની અથવા મોટાં શેહેરો બોલી જાઓ ?
જ—બંગાળાની રાજધાની કલકત્તા, બાહારની પટણા ને મોંગીર, અલાહાબાદની પ્રયાગ, અયોધ્યાની લખનૌ દીલ્લીની દીલ્લી, મીરત ને સરહિંદ, આગ્રાની આગ્રા, પંજાબની

લાહોર, મુલતાનની મુલતાન, રજપૂતસ્થાનની અજમેર, જેપુર ને ઉદેપુર, માળવાની ઉજ્જન ને ઇનદોર; ગુજરાતની અમદાવાદ, કચ્છની ભુજ, ને સિંધની હૈદ્રાબાદ ને કરાંચી.

સ—મધ્ય હિંદુસ્તાનથી દક્ષિણે જતાં હિંદુસ્તાન આવે ?

જ—દક્ષિણ હિંદુસ્તાન.

સ—દક્ષિણ હિંદુસ્તાન શાથી ઓળખાયછે ?

જ—દક્ષિણ હિંદુસ્તાનને ડેક્કન કે દક્ષિણ, અથવા દક્ષિણ દેશ કેહે છે તેથી.

સ—દક્ષિણ હિંદુસ્તાનમાં કયા કયા પ્રાંતો આવ્યા છે ?

જ—માહારાષ્ટ્ર, નિઝામનું રાજ્ય, ઓઢિઆ, ઉત્તર સરકાર, મહિસૂર, મલબાર, ત્રાવણકોર, ને કર્ણાટક.

સ—એ પ્રાંતોની રાજધાની અને મોટાં શેહેરો બોલી જાઓ ?

જ—માહારાષ્ટ્રની રાજધાની પુના, નિઝામની હેદ્રાબાદ. ઓઢિઆની કટક, ઉત્તર સરકારની મછલીપટ્ટણ, મહિસૂરની શ્રીરંગપટ્ટણ (તે આગળ ટીપુ સુલતાનની રાજધાની હતી), મલબારની કાનાનૂર, ત્રાવણકોરની ત્રિવનદ્રમ, ને કર્ણાટકની રાજધાની આર્કટ છે.

સ—કર્ણાટક અને ઉત્તર સરકારના મુલક કયાંથી તે ક્યાં સુધી છે?

જ—કેપ કન્યાકુમારીથી તે કૃષ્ણા નદી સુધીનો મૂલક તે કર્ણાટકનો, અને કૃષ્ણા નદીથી તે ઓઢિયા સુધીનો મૂલક તે ઉત્તર સરકારનો.

સ—બહુ સારૂં. છોકરાઓ હવે બોલો તો હિંદુસ્તાનના રાજકીય ભાગ કેટલા કીધા છે, અને તે દરેકને શું કેહેછે ?

જ—રાજકીય ભાગ અસલ તો ચાર, પણ હાલ પાંચ થયલા છે, તે દરેકને ઇલાકો કેહેછે.

સ—હિંદુસ્તાનના એ પાંચે ઇલાકાનાં નામ દો ?

જ—બંગાળા ઇલાકો, આગ્રા ઇલાકો, પંજાબ ઇલાકો, મુંબઈ

ઇલાકો, ને મદ્રાસ ઇલાકો.

સ—બંગાળા ઇલાકો કેણી તરફ છે, અને તેમાં પ્રાંતો ક્યા ક્યા આવ્યા છે તે બોલો ?

જ—બંગાળા ઇલાકો ગંગા તથા બ્રહ્મપુત્રા નદીતરફનો ઘણું કરીને, જે ભાગ તે–એમાં બંગાળા, બાહાર, ઓઢિઆ, આસામ, આરાકાન, પેગુ માર્ટાબાન, વગેરે પ્રાંતો આવેલા છે.

સ—બંગાળા ઇલાકાની ચારે દિશાએ શું શું આવેલું છે?

જ—ઉત્તરે નેપાલ ને ભૂતાન છે; પશ્ચિમે મધ્ય તથા વાયવ્ય ખૂણાના પ્રાંતો, ને આગ્રા ઇલાકાનો ભાગ; દક્ષિણે બંગાળાનો ઉપસાગર ને ઓઢિઆ તથા ઉત્તર સરકારનો મુલક ને પૂર્વે આરાકાન તથા બ્રહ્મદેશ છે.

સ—બંગાળા ઇલાકામાં મોટાં મોટાં શેહેરો ક્યાં આવ્યાં છે?

જ—કલકત્તા, મુર્શિદાબાદ. ધાકા, બર્દ્વાન, બેરામપુર, ચીતાગાંગ શ્રીરામપુર, ચંદ્રનગર, દારજીલિંગ, બાહાર, પટણા, મોંગીર, દીનાપુર, ભાગળપુર, રાજમાહાલ, ગયાજી, બક્ષર, કટક, બાલાસૂર, જગન્નાથ, આસામ, આરાકાન, રંગુન, માર્ટાબાન.

સ—બંગાળા ઇલાકાની મોટી મોટી નદીઓ બોલો ?

જ—એમાં મુખ્ય નદી ગંગા ને બ્રહ્મપુત્રા છે-તે શિવાય ગંગાની શાખા ગોગ્રા; શોણ, હુગલી વગેરે છે; બીજી દક્ષિણ તરફ માહા નદી છે.

સ—બંગાળા ઇલાકાનો વિસ્તાર (ક્ષેત્રફળ) કેટલું, ને વસ્તી કેટલી છે તે કોહો ?

જ—ક્ષેત્રફળ આસરે ૧,૭૦,૦૦૦ ચોરસ માઇલ, ને વસ્તી આસરે સાડા છ કરોડ માણસની છે.

સ—હિંદુસ્તાનના પાંચે ઇલાકામાં બંગાળા ઇલાકો કેવો છે ?

જ—એ ઇલાકો સર્વથી મોટો ને રસાળ છે.

સ—બંગાળા ઇલાકાથી વાયવ્ય દિશાતરફ જઇએ તો કયો ઇલાકો આવે ?
જ—આગ્રા ઇલાકો.
સ—આગ્રા ઇલાકાની ચારે દિશાની હદ કોહો ?
જ—ઉત્તર નેપાલ તથા હિમાલયનો કંઈક ભાગ, પશ્ચિમે રજપૂતસ્થાન તથા પંજાબ ઇલાકે, દક્ષિણે બુંદેલખંડ તથા રેવા વગેરે પ્રાંતો, અને પૂર્વે બંગાળા ઇલાકો છે.
સ—આગ્રા ઇલાકો કયા કયા પ્રાંતો મળીને થયલો છે ?
જ—આગ્રા, પ્રયાગ, ને અયોધ્યા મળીને થયલો છે.
સ—આગ્રા ઇલાકામાં આવેલાં મોટાં શેહેરો બોલો ?
જ—કાશી, આગ્રા, પ્રયાગ, મીરજાપોર, ચૂનાર, કલિંજર, કાનપોર, લખનો, જુઆનપોર, કનોજ, ગોવાળિઅર, કાલ્પી, ફૈજાબાદ, હરદ્વાર, ને શાહાજાનપોર વગેરે.
સ—એ ઇલાકાનાં કાશી, પ્રયાગ, હરદ્વાર, એ શેહેરો શાને વાસ્તે નામીચાં છે ?
જ—એ હિંદુઓનાં મોટાં તિર્થનાં ઠેકાણાં છે તેને માટે.
સ—આગ્રા ઇલાકામાં મુખ્ય નદીઓ કઈ કઇ આવી છે ?
જ—ગંગા, જમના, ગોમતી, ગોગ્રા, ચંબલ, વગેરે.
સ—આગ્રા ઇલાકાનું ક્ષેત્રફળ તથા વસ્તી કેટલી છે તે કોહો ?
જ—ક્ષેત્રફળ આસરે ૧,૪૦૦૦૦ ચોરસ માઇલ, ને વસ્તી આસરે સાડા ત્રણ કરોડ માણસની છે.
સ—આગ્રા ઇલાકાથી વાયવ્ય કોણ તરફ જતાં કયો ઇલાકો આવેછે ?
જ—પંજાબ ઇલાકો.
સ—પંજાબ ઇલાકો ક્યાં છે, ને એનું નામ પંજાબ શાથી પડયું ?
જ—પંજાબ ઇલાકો પાંચ નદીઓ (સતલજ, બીઆસ, રાવી, ચીનાબ, જલમ) ઉપર આવેલો છે, અને એ પાંચ નદી-

ઓ ઉપર છે તેથીજ તેનું નામ (પંજાબ) પડયું છે, કેમકે પંજ તે પાંચ, અને આબ તે પાણી-એટલે પાંચ નદીઓનાં પાણી વચ્ચે આવેલો મૂલક.

સ—પંજાબ ઇલાકાની મર્યાદા બોલો ?

જ—ઉત્તરે હિમાલય પર્વતના ડુંગરોની હાર તથા કાશ્મીરનો કંઇક ભાગ; પશ્ચિમે સુલેમાન પાહાડ તથા સિંધુ નદી, દક્ષિણે મુંબઇ ઇલાકો, ને પૂર્વે સતલજ નદીના કાંઠાના સંસ્થાનો તથા આગ્રા ઇલાકાનો ભાગ.

સ—પંજાબ ઇલાકામાં કયા કયા પ્રાંતો આવેલા છે ?

જ—પંજાબ, મૂલતાન, સતલજ નદીના કાંઠાના સંસ્થાનો, અને દીલ્લી.

સ—પંજાબ ઇલાકામાં મોટાં મોટાં શેહેરો કયાં કયાં આવ્યાં છે ?

જ—લાહોર, મુલતાન, અમૃતસર, પેશાવર, અટક, રાવલપીંડી, ભાવલપુર, લુધિઆના, બરેલી, દીલ્લી, સરહિંદ, મીરત, શાહારાનપોર, ને પાણીપત.

સ—પંજાબ ઇલાકાની મોટી મોટી નદીઓ બોલો ?

જ—એમાં નદી ફકત એક સિંધુ—સતલજ, બીઆસ, રાવી, ચીનાબ, ને જલમ તેની શાખાઓ છે.

સ—સિંધુ નદીનું બીજું નામ શું, અને તે નામ શાથી પડયું ?

જ—એનું બીજું નામ અટક નદી, કેમકે એ નદી આગળ અટક શેહેર છે; તથા અટક શેહેર આગળ નદી ઓળંગવાનો પાર છે ત્યાં થઇને હિંદુસ્તાન ઉપર સ્વારી કરનારાઓ હિંદુસ્તાનમાં પેઠા છે; વળી અટકની પેલીગમ બલૂચિસ્તાનમાં જતાં હિંદુઓને ધર્મનો વટાળ થાયછે; તેમજ અટક આગળથી હિંદુસ્તાનની પશ્ચિમ તરફની હદ પૂરી થાય છે; એ ચાર કારણથી સિંધુ નદીનું બીજું નામ અટક નદી પડયું છે.

સ—સિંધુ નદીને અંગ્રેજીમાં શું કેહેછે ?
જ—સિંધુને અંગ્રેજીમાં ઇનડસ નદી કેહેછે.
સ—પંજાબ ઇલાકાની પાસે ગંગા તથા જમના નદી વચ્ચે કયે પ્રાંત આવેલો છે ?
જ—દુઆબ પ્રાંત.
સ—દુઆબ પ્રાંત કયાં છે, ને એનું નામ દુઆબ શાથી પડયું ?
જ—એ પ્રાંત આગ્રા ઇલાકામાં છે, પણ એના બધા ભાગો પંજાબ ઇલાકાને લગતા આવેલા છે. એ દુઆબ પ્રાંત ગંગા તથા જમના નદી વચ્ચે આવ્યો છે તેથીજ એનું નામ દુઆબ પડયું છે; કેમકે દુ તે બે, ને આબ તે પાણી—એટલે બે નદીઓનાં પાણી વચ્ચે આવેલો દેશ તે.
સ—દુઆબ પ્રાંતના કેટલા ભાગ થયલા છે તેનાં નામ દો ?
જ—પાંચ; જલંદર દુઆબ, બારી દુઆબ, રચના દુઆબ, જેચદુઆબ, ને સિંધ સાગર દુઆબ.
સ—એ પાંચે દુઆબ કઇ કઇ નદી વચ્ચે છે તે કોહો ?
જ—જલંદર દુઆબ, સતલજ ને બીઆસ નદીવચ્ચે.
બારી દુઆબ, ધારા ને રાવી નદીવચ્ચે.
રચના દુઆબ, રાવી ને ચીનાબ નદીવચ્ચે.
જેચ દુઆબ, ચીનાબ જહલમ નદીવચ્ચે.
સિંધ સાગર દુઆબ, જહલમ ને સિંધુ નદીવચ્ચે.
સ—બારી દુઆબ આગળ ધારા નદી છે તે ધારા નદીનું નામ શા ઉપરથી પડેલું છે, અને તેના ઉપર કયાં શેહેરો આવેલા છે ?
જ—સતલજ ને બીઆસ નદીનો સંગમ થઇને આગળ જે પ્રવાહ ચાલેલો છે તેનું નામ ધારા નદી પડયું છે. ધારા ઊપર જલાલપુર, ભાવલપુર, મુબારકપુર, અને ફીરોજપુર શેહેરો છે.
સ—પંજાબ ઇલાકાનું ક્ષેત્રફળ કેટલું, તથા વસ્તી કેટલી છે તે

કોહો ?

જ—ક્ષેત્રફળ આસરે ૧,૦૨,૦૦૦ ચોરસ માઇલ, ને વસ્તી આસરે પોણાબે કરોડ માણસની છે.

સ—પંજાબ ઇલાકાથી દક્ષિણમાં જઇએ તો કયો ઇલાકો આવેછે?

જ—મુંબઇ ઇલાકો.

સ—મુંબઈ ઇલાકાની ચારે દિશાની હદ કોહો?

જ—ઉત્તરે રજપૂતસ્થાન, બલૂચિસ્તાન, ને પંજાબ; પશ્ચિમે આરબી સમુદ્ર; દક્ષિણે મદ્રાસ ઇલાકો ને મહિસુર; અને પુર્વે વરાડ પ્રાંત, ને નિઝામનું રાજ્ય છે.

સ—મુંબઇ ઇલાકાના કેટલા ભાગ થયલા છે; તેનાં નામ દો?

જ—પાંચ ભાગ ૧ સિંધ પ્રાંત; ૨ કચ્છ પ્રાંત; ૩ ગુજરાત પ્રાંત; ૪ માહારાષ્ટ્ર ( દક્ષિણ ને કોકણ ); ૫ દક્ષિણ માહારાષ્ટ્ર, ને ઉત્તર કાનેડા.

સ—એ ઇલાકામાં ઉત્તર માહારાષ્ટ્રના કેટલા ભાગ અને તે શા કારણથી થયલા છે, અને તેમાંના દરેક ભાગને શું કેહેછે, ને તેમાં વસનારા લોકો કેહેવાયછે?

જ—સહ્યાદ્રિ પર્વત વચમાં આવ્યાથી ઉત્તર માહારાષ્ટ્રના બે ભાગ થયલા છે, તેમાં પશ્ચિમ તરફના ભાગને કોકણ કહેછે અને તેમાં વસનારા લોકો કુકણી કેહેવાયછે; તેમજ પુર્વ તરફના ભાગને દક્ષિણ કેહેછે, ને ત્યાંના વસનારા લોકો દક્ષિણી કે મરાઠા કેહેવાયછે.

સ—મુંબઇ ઇલાકામાં મુખ્ય જીલ્લાઓ કયા કયા આવ્યાછે?

જ—શિકારપુર, હેદ્રાબાદ, કરાંચી, અમદાવાદ, પંચ મહાલ, ખેડા, ભરૂચ, સુરત, થાણા. ખાનદેશ, અહમદનગર, નાશીક, પુના, સતારા, સોલાપુર, બેલગામ, ધારવાડ, કલાદગી, કાનેડા, રત્નાગીરી ને કોલાબા.

સ—એ જીલ્લાનાં મોટાં શેહેરો તથા એ શિવાય બીજા મોટાં શેહેરો

મુંબઇ ઇલાકામાં હોય તેના નામ દો.

જ—શિકારપુર, હેદ્રાબાદ, કરાંચી, અમદાવાદ, ગોધરા, ખેડા, ભરૂચ, થાણા, ધુળિઆ, અહમદનગર, નાશિક, પુના, સતારા, સોલાપુર, બેલગામ, ધારવાડ, કલાદગી, હોનાવર, રત્નાગીરી, કોલાબા એ ઉપલા જીલ્લામાં મુખ્ય શેહેરો; એ શિવાય ખૈરપુર, ભુજ, માંડવી, નવાનગર, રાજકોટ, જુનાગઢ, ભાવનગર, ખંભાત, વડોદરૂં, માલેગામ, કોલાપુર, સાવંતવાડી, ગોવા વગેરે બીજાં શેહેરો છે.

સ—મુંબઇ ઇલાકામાં પંચમાહાલ જીલ્લો કેણી તરફ છે, ને એનું નામ પંચમાહાલ શાથી પડયું ?

જ—એ જીલ્લો ગુજરાતની પુર્વે ખેડા જીલ્લાને લગતો છે. એમાં ગોધરા, હાલોલ, કાલોલ, દાહોદ, ને ઝાલોદ એવા પાંચ માહાલ આવેલા છે તેથી એનું નામ પંચમાહાલ પડયું છે.

સ—મુંબઇ ઇલાકાનું મુખ્ય શેહેર કયું ને તે કયાં છે, તથા તેમાં કેટલા અને કેવા માણસની વસ્તી છે તે કહો ?

જ—એ ઇલાકાનું મુખ્ય શેહેર મુંબઇ (મુંબઇ બેટ) તે દક્ષિણમાં કોકણપટીને કિનારે આરબી સમુદ્ર આગળ બેટમાં આવ્યું છે. એ મુંબઇ શેહેરમાં આસરે ૭,૭૩,૧૯૬ માણસની વસ્તીછે; તેમાં પારસી, હિંદુ, ભાટીઆ ને ખોજા ઘણા છે. તેઓ મોટા ભારે વેપારી ને ઘણા પૈસાદાર છે.

સ—મુંબઇ એ કેવું શેહેર છે, અને એની બીજી જાણવા જેવી હકીકત બોલો.

જ—એ મુંબઇ શેહેર ઘણું શોભાવંતુ, જોવા લાયક. અને હિંદુસ્તાનનું સૌથી મોટામાં મોટું વેપારનું બંદર છે ને તેથી તે ૮૪ બંદરનો વાવટો કેહેવાયછે. એમાં વિલાયત વગેરે બાહાર દેશાવરથી ઘણાંક જાત જાતનાં યંત્રો, તેમજ કાપડ, ચીનીખાનું, રેશમ, કરિઆણું વગેરે પુષ્કળ માલ આવે-

છે. અહિંઆંના ઘરોની બાંધણી ઘણી ઉંચી ને સરસ છે. જમીન પથ્થરની છે તેથી પાણી આગળ તો કંઇ સારા નહોતા, પણ હાલ કેટલીક મુદ્દત થયા દૂરથી તળાવમાં નળો મૂકી પાણી લાવેલાં છે તેથી હાલ તે પાણી સારાં થયાં છે, મુંબઇ ઇલાકાનું મુખ્ય શેહેર મુંબઇ, તેથી સૌથી મોટા દરજ્જાની ઇનસાફની કચેરી અહિંઆં છે; એ ઇલાકાના ઉપરી વડા અધિકારી ગવર્નર સાહેબ બાહાદુર પણ અહિંઆં રેહેછે. હિંદુસ્તાનમાં સૌથી મોટું શેહેર એ છે.

સ—મુંબઇ બેટ અંગ્રેજ સરકારને હાથ ક્યારે અને શી રીતે આવ્યો ?

જ—સન ૧૬૬૧ માં ઇંગ્લંડ દેશનો બીજો ચાર્લ્સ રાજા, પોરચ્યુગીઝ લોકોની કેથેરાઇન કન્યા પરણ્યો, તેની પેહેરામણીમાં પોરચ્યુગીઝ લોકોપાસેથી તે મળ્યો.

સ—મુંબઇ ઇલાકામાં વેપારનાં બંદરો કયાં કયાં આવ્યાં છે ?

જ—એમાં સૌથી મોટાં બંદરો ત્રણ છે–મુંબઇ, કરાંચી, ને કારવાડનું; તે શિવાય વિજયદુર્ગ, વસઇ, સુરત, ભરૂચ, ખંભાત, ધોળેરા, ભાવનગર, વેરાવળ, પોરબંદર, ને માંડવી એ બીજાં બંદરો છે.

સ—મુંબઇ ઇલાકામાં મુખ્ય પર્વતો કયા આવ્યા છે ?

જ—એમાં સહ્યાદ્રિ ને સાતપુડા એવા બે મોટા પર્વતો છે.

સ—મુંબઇ ઇલાકામાં આવેલી મોટી મોટી નદીઓ બોલો ?

જ—સિંધુ, સાબરમતી, વિશ્વામિત્રી, મહી, ઢાઢર, નર્મદા, તાપી, ગોદાવરી, કૃષ્ણા, સીના. ને ભીમા, વગેરે.

સ—ઉપલી નદીઓમાં સીના ને ભીમા નદી મુંબઇ ઇલાકાના કયા ભાગમાં છે, ને તેના પર કયાં શેહેરો આવ્યાં છે ?

જ—એ નદીઓ માહારાષ્ટ્રમાં છે; સીના ઉપર અહમદનગર, અને

ભીમા ઉપર પંઢરપુર જાત્રાનું ઠેકાણું છે.

સ—એ ઇલાકામાં ગાયકવાડના રાજ્યનું મુખ્ય શેહેર કયું, અને તે કયાં ને કઇ નદી ઉપર છે?

જ—ગાયકવાડના રાજ્યનું મુખ્ય શેહેર વડોદરૂં, તે ગુજરાતમાં વિશ્વામિત્રી નદી ઉપર છે.

સ—મુંબઇ ઇલાકામાં એજન્સિ કઇ કઇ આવી છે?

જ—એમાં કાઠિઆવાડ, પાલણપુર, મહીકાંઠા, રેવાકાંઠા, સુરત એજન્સિ, ભીલ સંસ્થાનની એજન્સિ, અને (પેંઠ, જવારા, જંજીરા) સંસ્થાનની એજન્સિ એવી સાત છે.

સ—એજન્સિ એટલે શું તે કહો?

જ—નાનાં નાનાં સંસ્થાન જેઓ અંગ્રેજી રાજ્યને તાબે રહી ઘણું કરીને તેને અથવા ગાયકવાડને ખંડણી આપેછે તેવા સંસ્થાનનો મુલક—એવા કેટલાક સંસ્થાન સામટા મળીને જે પ્રાંત થાયછે તેને એજન્સિ કહેછે.

સ—મુંબઇ ઇલાકાના ઉપરી અધિકારીને શું કહેછે?

જ—તેમને ગવરનર સાહેબ કહેછે, અને તેઓ મુંબઇ સરકાર કહેવાયછે.

સ—મુંબઇ ઇલાકાનું ક્ષેત્રફળ, તથા વસ્તી કેટલી છે તે બોલો?

જ—ક્ષેત્રફળ આશરે ૧.૯૭,૮૭૫ ચોરસ માઇલ, ને વસ્તી દેશી રાજ્યની બાદ કરતાં આસરે ૧ કરોડ, ૬૪ લાખ માણસની છે.

સ—મુંબઇ ઇલાકાની દક્ષિણે અને અગ્નિ ખુણા તરફ કયો ઇલાકો આવ્યો છે?

જ—મદ્રાસ ઇલાકો.

સ—મદ્રાસ ઇલાકાની આસપાસ શું શું આવેલું છે?

જ—ઉત્તર તથા વાયવ્ય દિશા તરફ મુંબઇ ઇલાકાનો ભાગછે. બાકી બધી દિશા તરફ ફરતો દરિઓ છે

સ—મદ્રાસ ઇલાકાનો ભાગ કેણી તરફ છે, અને તેમાં કયા કયા

પ્રાંતો આવેલા છે ?

જ—કૃષ્ણા અને તુંગભદ્રા નદીની દક્ષિણ તરફનો જે ભાગ તે મદ્રાસ ઇલાકો. એમાં તેલંગણ, ઊત્તર સરકાર, મહિસૂર, કર્ણાટક, બાલાઘાટ, કાનડા, મલબાર વગેરે પ્રાંતો છે.

સ—મદ્રાસ ઇલાકાના મુખ્ય શેહેરો બોલો ?

જ—મદ્રાસ, મછલીપટ્ટણ, નીતોર, ત્રિચીનોપોલી, ટાલચરી, ગંજામ, વિસાગાપટ્ટણ, રાજમંદ્રી, ગંતુર, વિજયનગર, પોન્ડિચરી, આર્કટ, તંજાવર, મધુરાં, ત્રાંકવીબાર, વિગાપટ્ટણ, તીનવલી, બેલારી, કડપાં, માંગલૂર, બાંગલૂર, કલ્યાણપૂર, કાનાનૂર, કેલિકટ, શ્રીરંગપટ્ટણ, ને ત્રિવનદ્રમ.

સ—મદ્રાસ ઇલાકામાં દેશી રાજ્યો ક્યાં ક્યાં આવ્યાં છે?

જ—મહિસૂર, કોચીન, અને ત્રાવણકોરનું.

સ—મદ્રાસ ઇલાકામાં નદીઓ કઇ કઇ છે?

જ—એમાં ગોદાવરી, કૃષ્ણા, કાવેરી, ને તુંગભદ્રા મોટીનદીઓ છે.

સ—મદ્રાસ ઇલાકામાં વેપારનાં બંદરો કયાં કયાં છે?

જ—વિસાગાપટ્ટણ, મછલીપટ્ટણ, નેગાપટ્ટણ, મદ્રાસ, કોચીન, કેલિકટ, ટાલચરી, કાનાનૂર, ને માંગલુર.

સ—મદ્રાસ ઇલાકાનું ક્ષેત્રફળ, તથા વસ્તી કેટલી છે તે કહો?

જ—ક્ષેત્રફળ આસરે ૧,૪૦,૦૦૦ ચોરસ માઇલ, ને વસ્તી દેશી રાજ્યની બાદ કરતાં આશરે ૩ કરોડ, ૧૬ લાખ માણસની છે.

સ—બહુ સારૂ. છોકરાઓ હવે એ હિંદુસ્તાનના ભાગ, ઇલાકા, તથા તેનાં મુખ્ય શેહેરો વગેરે કહી ગયા તે યાદ રાખજો; ને બોલો હવે એ સઘળા ભાગની એટલે આખા હિંદુસ્તાનની તમામ જાણવા લાયક નદીઓનાં સામટાં નામ દઇ જાઓ!

જ—સિંધુ, બ્રહ્મપુત્રા, ગંગા, એ સૌથી મોટી નદીઓ; એ શિવાય બીજી નદીઓ ભાગીરથી, ગોગરા, સોન,ચંબલ, જમના, ગોમતી, હુગલી, સતલજ, બીઆસ, રાવી, ચીનાબ. જે-

લમ, સાબરમતી, મહી, નર્મદા. તાપી, ગ ા નદી, ગોદાવરી કૃષ્ણા, તુંગભદ્રા, ને કાવેરી છે.

સ—એ ઉપલી બધી નદીઓ ઉપર કયાં કયાં શેહેરો જાણવા લાયક આવેલાં છે તે બોલી જાઓ ?

જ—સિંધુ ઉપર કરાંચી, ઠઠ્ઠા, હેદ્રાબાદ, લારખાના, સક્કર, બક્કર, મીથુનકોટ, દેરાગાજીખાન, દેરાઇસિમાલખાન, કાલાબાગ, ને અટક.

બ્રહ્મપુત્રા ઉપર—જમાલપુર, ગોવળપાડા, દરંગ, વિશ્વનાથ, ગોરપુર, વગેરે.

ગંગા ઉપર—કાંશી, મીરજાપોર, ફરૂકાબાદ, કાનપોર, હરદ્વાર.

ભાગીરથી ઉપર—પટણા, મોગીર, ભાગળપુર, રાજમાહાલ, (અકરાબાદ), મુર્શિદાબાદ.

ગોગ્રા ઉપર—અકબરપુર, સલીમપુર.

શોણ ઉપર—સહસરામ, દેવરી.

ચંબલ ઉપર—ધોળપુર, કોટા.

જમના ઉપર—દીલ્લી, આગ્રા, ગોકુળ, મથુરા.

ગોમતી ઉપર—લખનો, ફૈજાબાદ.

હુગલી ઉપર—કલકતા, શ્રીરામપૂર, ચંદ્રનગર.

સતલજ ઉપર—લુધિઆના, ફિલ્લુર, અલીપાલ.

બીઆસ ઉપર—જલંદર.

રાવી ઉપર—લાહોર.

ચીનાબ ઉપર—મૂલતાન, રામનગર.

જેલમ ઉપર—જલમ, કાશ્મીર, શ્રીનગર.

સાબરમતી ઉપર—અમદાવાદ, સાદરા.

મહી ઉપર—ખંભાત, લુણાવાડા.

નર્મદા ઉપર—ભરૂચ, નાદોદ, ચાંનોદ, કન્યાળી, મંડલેસર, જબલપુર.

તાપી ઉપર—સુરત, રાંદેર, બરાનપોર.
મહાનદી ઉપર—કટક, સંબલપુર.
ગોદાવરી ઊપર—નાશીક, ઔરંગાબાદ, પૈઠણ, રાજમંદ્રિ.
કૃષ્ણા ઊપર—ગંતુર.
તુંગભદ્રા ઉપર—કરણુંલ, હમસાગઢ.
કાવેરી ઉપર—શ્રીરંગપટ્ટણ, ત્રિચિનોપોલી.

સ—ત્યારે પ્રયાગ, ધાકા, મછલીપટ્ટણ, રાવલપીંડી, સરહિંદ, અમૃતસર એ શેહેરો કંઇ નદી ઊપર આવેલાં છે?

જ—ગંગા તથા જમના નદીના સંગમ ઉપર પ્રયાગ; ગંગા અને બ્રહ્મપુત્રા નદી વચ્ચે ધાકા; કૃષ્ણા અને ગોદાવરી નદીના મુખ આગળ મછલીપટ્ટણ; જેલમ ને સિંધુ નદીવચ્ચે રાવલપીંડી; જમના ને સતલજ નદીવચ્ચે સરહિંદ; અને બીઆસ ને રાવી નદીવચ્ચે અમૃતસર છે.

સ—ઉપલી નદીઓમાં તુંગભદ્રા નદીનું નામ શાઊપર પડેલું છે!

જ—તુંગા અને ભદ્રા એ બે નદીઓ એકઠી થયાથી તુંગભદ્રા નદી નામ પડયું છે.

સ—હિંદુસ્તાનના મોટા મોટા જાણવા લાયક પર્વતો બોલો?

જ—હિમાલય પર્વત, શિવાલીક પાહાડ, વિંધ્યાચળ પર્વત, સાતપૂડાનો પાહાડ, અને સહ્યાંદ્રિ પર્વત.

સ—ઉપલા પર્વતો હિંદુસ્તાનમાં કયે કયે ઠેકાણે છે?

જ—હિમાલય પર્વત છેક હિદુસ્તાનની ઉત્તરે; શિવાલીક પાહાડ સતલજ અને જમના નદીનીવચ્ચે; વિંધ્યાચળ પર્વત નર્મદા નદીની ઉત્તર તરફ; સાતપૂડાનો પાહાડ દક્ષિણમાં નર્મદા તથા તાપી નદીનીવચ્ચે; અને સહ્યાદ્રિ પર્વત દક્ષિણમાં માહારાષ્ટ્ર દેશમાં છે.

સ—હિમાલય એ કેવો પર્વતછે ને એનું નામ હિમાલય શાથી પડયું?

જ—હિમાલય એ પૃથ્વી ઉપર સૌથી ઊંચો પર્વત છે; હીમ તે

ઠંડ, ને આલય તે જગો, ઠંડની જગો-એટલે એ પર્વત ઉપર ઠંડ ઘણીજ પડેછે તેથી એનું નામ હિમાલય પડયું છે?

સ—હિમાલય પર્વત કેટલો ઉંચો તથા કેટલો લાંબો છે?

જ—આસરે સાડા પાંચ માઇલ ઉંચો, ને ૧,૫૦૦ માઇલ લાંબો છે.

સ—હિમાલય પર્વતમાંથી કઇ કઇ મુખ્ય નદીઓ નીકળેછે, ને તે બધી કયાં મળેછે?

જ—સિંધુ, જમના, સાંપુ, ગંગા, બ્રહ્મપુત્રા, ને ઇરાવદી. સિંધુ આરબી સમુદ્રને મળેછે; જમના નદી ગંગાને મળે છે; સાંપુ નદી બ્રહ્મપુત્રાને મળે છે; ને ગંગા, બ્રહ્મપુત્રા ઇ-રાવદી નદી બંગાળાના ઉપસાગરને મળે છે.

સ—ઇરાવદી નદી કયા દેશમાં આવી છે, ને તેના ઉપર કયા શે-હેરો આવ્યાં છે?

જ—બ્રહ્મ દેશમાં; ઇરાવદી ઉપર અમરપુર, ને રંગુન શેહેરો છે.

સ—સિંધુ, ગંગા, તથા બ્રહ્મપુત્રા નદીને મળનારી નદીઓ કઈ કઈ છે તેનાં નામ દો?

જ—સતલજ, બીઆસ, રાવી, ચીનાબ, જેલમ એ પાંચ સિંધુ નદીને મળેછે; ગોગ્રા, ગંડકી, શોણ, ચંબલ, જમના, ગો-મતી, હુગલી, રામગંગા એ બધી ગંગા નદીને મળેછે; ને શાંપુ. ડીબો. ડીસંગ, નીલકમર વગેરે નદીઓ બ્રહ્મપુત્રા નદીને મળનારીઓ છે.

સ—સતલજ, બીઆસ. રાવી. ચીનાબ ને જેલમ એ પાંચ ન-દીઓ ભેગી થઇને બધી સિંધુ નદીને મળેછે તેથી તેને શું કેહેછે?

જ—તેથી તેને પંચનદ એટલે પાંચ નદીઓ કેહેછે.

સ—સતલજ, બીઆસ, રાવી, ચીનાબ ને જેલમ એ પાંચ ન-દીઓ કયા પર્વતમાંથી નીકળેછે?

જ—સતલજ નદીનું મૂળ ટિબેટના પર્વતમાંથી છે, ને બાકીની

ચાર નદીઓનાં મૂળ હિમાલયની દક્ષિણે હિમાલયના શિખરમાંથી છે.

સ—ત્યારે ગંગા, તથા બ્રહ્મપુત્રા નદીને મળનારી નદીઓના મૂળ કયાં છે?

જ—એ નદીઓનાં ઘણીખરીનાં મૂળ હિમાલય પર્વતના શિખરો તથા કાશ્મીર પ્રાંતમાં છે, તેમ કેટલીકનાં મધ્ય તરફના પ્રાંતોમાં, અને કેટલીકનાં ટિબેટનાં પ્રાંતોના પાહાડોમાં છે.

સ—હિમાલય પર્વતના ઉંચામાં ઊંચાં શિખરો કયા અને કયાં છે તે બોલો?

જ—એનાં ઊંચા શિખરો કૈલાશ, ધાલાગીરી, જમનોત્રી, ચમલેરી, કંચીજંગ, અને નંદ પર્વત છે. કૈલાશ પંજાબની ઉત્તરે ધાલાગીરી નેપાલની ઊત્તરે, જમનોત્રી જમના નદીના મૂળ પાસે, ચમલેરી ભૂતાનની ઉતરે કંચીજંગ સિક્કિમની વાયવ્ય દિશા તરફ, અને નંદ પર્વત કાશ્મીરમાં છે.

સ—ત્યારે વિંધ્યાચળ પર્વતના પેટામાં બીજા કયા પર્વતો આવ્યા છે, ને તે કયાં છે તે બોલો?

જ—એના પેટામાં આબુ પર્વત ને ગીરનારનો પાહડ છે. આબુ મારવાડમાં સિરોહીની દક્ષિણે, અને ગીરનાર કાઠીઆવાડમાં જુનાગઢની પાશેછે.

સ—સાતપુડા પર્વતમાંથી કઇ કઇ નદીઓ નીકળે છે ને તે બધી કયાં મળે છે?

જ—નર્મદા ને તાપી તે બંનો ખંભાતના અખાતને મળેછે.

સ—ત્યારે સાબરમતી, ને મહી નદી ક્યાંથી નીકળીને કોને મળેછે?

જ—સાબરમતી નદી મહી કાંઠાના ઉતરના પાહાડમાંથી નીકળે છે, ને મહી નદી માળવાના પાહાડમાંથી નીકળે છે ને બંનો ખંભાતના અખાતને મળેછે.

સ—ત્યારે સહ્યાદ્રિ પર્વતમાંથી કઇ કઇ નદીઓ નીકળે છે, અ-

ને તે બધી ક્યાં મળેછે તે કહો ?

જ—ગોદાવરી, કૃષ્ણા, કાવેરી, ને તુંગભદ્રા; ગોદાવરી, કૃષ્ણા, ને કાવેરી એ ત્રણ નદીઓ બંગાળાના ઉપસાગરને મળેછે, ને તુંગભદ્રા નદી કૃષ્ણા નદીને મળેછે.

સ—સહ્યાદ્રિ પર્વતના પેટામાં ડુંગરો અથવા ઉંચી ટેકરીઓ કઇ કઈ આવી છે ?

જ—એમાં નિલગિરી, માહાબળેશ્વર, પૂરંધર, ટાંગાર વગેરે સારી હવા લાયક ટેકરીઓ છે.

સ—બંગાળાનાં ઉપસાગરને જે જે નદીઓ મળે છે તે બધીના સામટા નામ દેઇ જાઓ ?

જ—ગંગા, બ્રહ્મપુત્રા, ઇરાવદી, માહા નદી, ગોદાવરી, કૃષ્ણા, ને કાવેરી.

સ—હિંદુ લોકો હિંદુસ્તાન માંહેલી ચાર નદીઓ પવિત્ર ગણેછે તે કઇ, અને તે કેવી રીતે ?

જ—તે નદીઓ તાપી, રેવા, જમના, ને ગંગા કહેવાયછે. તાપી સ્મરણે, રેવા દર્શણે, જમના પાને. અને ગંગા સ્નાને; એટલે તાપી નદીનું સ્મરણ કરવાથી, રેવા નદીના દર્શણ કરવાથી, જમના નદીનું આચ્છમન કરેથી, અને ગંગા નદીમાં નાહાવાથી પાપ નીવારણ થાયછે; પણ તેમાં સૌથી મોટી નદી તાપી ગણેછે, કેમકે એ નદીનું તો ગમે ત્યાં ફક્ત સ્મરણ કરેથીજ પાપની મુક્તિ થાયછે.

સ—હિંદુસ્તાનમાં ચારે દિશાએ હિંદુઓનાં ચાર મોટાં જાત્રાનાં ધામ છે તે કયાં ?

જ—ઉત્તરે બદ્રિનાથજીનું સ્થાનક, પૂર્વે જગન્નાથજીનું સ્થાનક, દક્ષિણે રામેશ્વર, અને પશ્ચિમે દ્વારકાનાથજી છે.

સ—એ ચાર તિર્થો હિંદુસ્તાનમાં કયે ઠેકાણે અથવા કયા કયા મુલાકામાં આવ્યા છે તે બોલો ?

જ—બદ્રિનાથજી આગ્રા ઇલાકાની ઉત્તરે છે; જગન્નાથજી બંગાળા ઇલાકામાં દક્ષિણ તરફ દરિઆ કિનારે છે; રામેશ્વર મદ્રાસ ઇલાકાની દક્ષિણે દરિઆના નાના બેટમાં આવ્યું છે, અને દ્વારકાનાથજી ગુજરાતના કાઠિઆવાડ ભાગમાં છેક પશ્ચિમ હદની અણી ઉપર છે.

સ—ઉપલા ચાર તિર્થો શિવાય હિંદુસ્તાનનાં જાત્રાનાં બીજાં કયાં કયાં મોટાં તિર્થો છે ?

જ—બદ્રિનાથજીને ઇશાન ખૂણે કેદારનાથ છે; તેમજ બંગાળા ઇલાકામાં પાટણાની દક્ષિણે ગયાજી, જયાં ( શ્રાદ્ધ સારી પિતૃની મુક્તિ થાયછે ); આગ્રા ઇલાકામાં કાશી, પ્રયાગ, ગોકુળ, મથુરા, ( વંદ્રાવન ) હરદ્વાર એ હિંદુઓનાં મોટાં ક્ષેત્ર છે; એ શિવાય મેવાડમાં ઉદેપુરની ઉત્તરે શ્રીનાથજી, તેમજ ગુજરાતમાં અંબાજી, બહુચરાજી, શામળાજી, ડાકોર, ચાંનોદ. કન્યાળી, પાલીતાણા, ગીરનાર, બેટ, અને દક્ષિણમાં નાશીક, ત્રિંબક, પંઢરપુર, એ પણ મોટાં જાત્રાનાં ઠેકાણાં કેહેવાયછે.

સ—હિંદુસ્તાનમાં ગુજરાતના પશ્ચિમ તરફના ભાગને શું કેહેછે અને તેમાં મુખ્ય શેહેર કયું છે ?

જ—તે ભાગને કાઠિઆવાડ કેહેછે, તેમાં મુખ્ય શેહેર રાજકોટ આજી નદીઉપર છે.

સ—હિંદુસ્તાનમાં બેટો કયા કયા આવ્યા છે ?

જ—એમાં ફકત એક મોટો બેટ સિંહલદ્વિપ તે દક્ષિણે છે, તથા નૈરૂત્ય ખૂણા તરફ મલબાર કિનારે લક્ષદ્વીપ ને માલદ્વીપ એવા નાના બેટો છે.

સ—સિંહલદ્વિપનું બીજું નામ શું, અને તે આગળ કોની રાજધાની હતી ?

જ—એનું બીજું નામ સીલોન અથવા લંકા, ને આગળ રાવણ-

ની રાજધાની હતી.

સ—લંકા બેટ અંગ્રેજ સરકારને હાથ ક્યારે આવ્યો ?

જ—એ બેટ ડચ લોકોપાસે હતો તે સન ૧૭૯૬ માં અંગ્રેજોએ તેમની પાસેથી લીધો.

સ—લંકા વિષે લોકોની કેહેતી શું ચાલેછે ?

જ—લોકો વખતે વાતમાં વાત ચલાવેછે કે લંકામાં સોનુ બહુ એ છે તે આપણને શું કામનું ! પણ ભાઇ ત્યાં સોનું તો નથી, પણ ખાવાની તજ, તજાનો. મરી વગેરે બહુ થાયછે; તથા એરીપો બંદરઆગળ કેટલેક ઠેકાણે મોતી પાકેછે.

સ—લંકામાં નદીઓ કઇ કઇ આવી છે ?

જ—એમાં માહાવીલી ગંગા. કાલાની ગંગા, અને કાલુ ગંગા એ ત્રણ મોટી નદીઓ છે.

સ—લંકા અથવા સિંહલદ્વિપમા મુખ્ય શેહેર તથા બંદર ક્યાં આવ્યાં છે ?

જ—એમાં મુખ્ય શેહેર કાન્ડી ને કોલંબો છે, તેમાં કોલંબો તો મોટું બંદર કેહેવાયછે. એ શિવાય ત્રિનકોમાલી, પોઇન્ટ-દીગાલ, એરીપો પણ મોટાં બંદરો છે.

સ—લંકામાં વસનારા લોકોને શું કેહેછે ?

જ—લંકામાં વસનારા લોકોને સિંહલી કેહેછે.

સ—લંકા બેટ ઉપર હાલ કોની સત્તા ચાલેછે ?

જ—આખો લંકા નામદાર માહારાણી સાહેબના તાબામાં છે.

સ—લંકા બેટનું ક્ષેત્રફળ. તથા વસ્તી કેટલી છે તે કોહો!

જ—લંકાનું ક્ષેત્રફળ આસરે ૨૫,૦૦૦ ચોરસ માઇલ, ને વસ્તી આસરે વીસ લાખ માણસની છે.

સ—બંગાળાના ઉપસાગરમાં જાણવાલાયક બેટો ક્યા ક્યા આવ્યા છે ?

જ—એમાં નીકોબાર, અન્ડામાન, સિંગાપોર, પીનાંગ વગેરે ના-

ના બેટા છે.

સ—આન્ડામાન ટાપુમાં અંગ્રેજ સરકાર તરફથી કેવા લોકોને રાખવામાં આવેછે ?

જ—જન્મ દેશનીકાલની એટલે કાળા પાણીની અથવા સમુદ્ર પારની જે કેદી લોકોને શિક્ષા કરવામાં આવેછે તે લાકોને આન્ડામાન ટાપુમાં રાખેછે.

સ—ત્યારે પાકની સામુદ્રધુની તથા મનારના અખાત વચ્ચે ક્યા બેટા છે ?

જ—રામેશ્વર તથા માનારનો બેટ છે.

સ—હિંદુસ્તાનમાં અખાતો કયા કયા આવ્યા છે ?

જ—કચ્છનો અખાત ને ખંભાતનો અખાત પશ્ચિમ તરફ છે. માનારનો અખાત છેક દક્ષિણે, ને બંગાળાનો અખાત (ઉપ-સાગર) પૂર્વ તરફ છે.

સ—હિંદુસ્તાનમાં કેપ ( ભુશીરો) ક્યાં ક્યાં આવ્યાં છે ?

જ—દક્ષિણે કેપ કન્યાકુમારી તથા દીવ ભુશિર છે.

સ—હિંદુસ્તાનમાં રેતીનાં રણ ક્યાં ક્યાં આવ્યાં છે ?

જ—એમાં ફકત એક કચ્છનું રેતીનું રણ આવ્યું છે, તે સિંધ-પ્રાંતના અગ્નિ ખૂણા તરફ છે.

સ—હિંદુસ્તાનમાં સામુદ્રધુની, કઇ કઈ આવી છે ?

જ—પાકની સામુદ્રધુની, તે હિંદુસ્તાન તથા સિંહલદ્વિપ વચ્ચે છે.

સ—પાકની સામુદ્રધુની કોને કોને સાંધેછે ?

જ—માનારનો અખાત, તથા હિંદી માહાસાગરને.

સ—કેપ કન્યાકુમારી, સહ્યાદ્રિ, ઓઢિઆ, જગન્નાથ, કાશી, પ્રયાગ. અયોધ્યા, નર્મદા, ગોગ્રા, જમના, અને ગંગા એને-વાસ્તે બીજાં નામ શું છે ?

જ—કેપ કન્યાકુમારીને કેપ કોમોરીન, સહ્યાદ્રિને પશ્ચિમ ઘાટ, ઓઢિઆને ઓરિસા, જગન્નાથને પુરી, કાશીને બનારસ,

પ્રયાગને અલ્લાહાબાદ, અયોધ્યાને આઉદ, નર્મદાને રેવા નદી, ગોગ્રાને શરયુ, જમનાને યમૂના, અને ગંગાને તેનું મૂળ મૂકીને થોડે છેટેથી ભાગીરથી નદી કહેછે.

સ—હિંદુસ્તાનમાં દ્વિપકલ્પ ક્યા ક્યા આવ્યા છે તે બોલો?

જ—એમાં દ્વિપકલ્પ એકે જાણવાજોગ નથી પણ હિંદુસ્તાન એજ દ્વિપકલ્પ છે, તે બંગાળાના ઉપસાગર તથા, આરબી સમુદ્ર વચ્ચે આવેલો છે. બીજો દ્વિપકલ્પ ગણીએ તો હિંદુસ્તાનમાં ગુજરાતના પેટાનો પશ્ચિમ તરફનો ભાગ કાઠિઆવાડ છે, તેનીઆસપાસ કચ્છનું તથા ખંભાતના અખાતનું અને આરબી સમુદ્રનું પાણી છે.

સ—હિંદુસ્તાનની રાજ્ય ગાદીનાં સૌથી મોટાં શેહેરો ક્યાં?

જ—કલકત્તા, મદ્રાસ, ને મુંબઈએ ત્રણ હિંદુસ્તાનની રાજ્ય ગાદીનાં મોટાં શેહેરો છે.

સ—એ ત્રણ મોટાં શેહેરો હિંદુસ્તાનનું શું કેહેવાયછે?

જ—એ ત્રણ મોટાં શેહેરોને હિંદુસ્તાનની કે ભરતખંડની રાજધાની કેહેછે.

સ—કલકત્તા નામ શાઉપરથી પડ્યું તે તમે જાણોછો?

જ—હાજી, કોઇ મુસલમાને એક કડબનો ભારો કાપીને મૂકેલો તેને બીજાએ પૂછ્યું કે આ ભારા "તુમને કોનસે દીન કાટા"? ત્યારે તેણે જબાબ દીધો કે એ તો ( કલ–કટા ), તેઉપરથી કલકત્તા નામ પડ્યું છે.

સ—હિંદુસ્તાનમાં ફિરંગી લોકોનાં રાજ્ય કયે કયે ઠેકાણે છે?

જ—મુંબઇથી દક્ષિણતરફનું ગોવા, કાઠિઆવાડની દક્ષિણ તરફનું દીવ બંદર, અને ગુજરાતમાં સુરત જીલ્લાની દક્ષિણ તરફનું દમ્મણ, એ ત્રણ ઠેકાણે પોરટુગાલ દેશના ફિરંગી લોકોનાં રાજ્ય છે.

સ—ઉત્તર તથા દક્ષિણ હિંદુસ્તાન શાથી જૂદાં પડે છે?

જ—વિંધ્યાચળ પર્વત, તથા નર્મદા નદીથી.
સ—દક્ષિણ હિંદુસ્તાનના પશ્ચિમ તથા પૂર્વ કાંઠાને શું કેહેછે ?
જ—પશ્ચિમ કાંઠાનું નામ મલબાર કાંઠો, ને પૂર્વતરફના કાંઠાને કોરોમાંડળ કાંઠો કેહેછે.
સ—હિંદુસ્તાનમાં વેપારનાં મુખ્ય બંદરો કયાં કયાં છે ?
જ—કલકત્તા, મુંબઇ. મદ્રાસ, પોન્ડિચરી, કોલંબો, ત્રિનકોમાલી, પોઇન્ટદીગાલ, કોચીન, કેલિકટ, મંગલુર કારવાડ, ગોવા, રત્નાગીરી, સુરત, ભાવનગર, દીવ. માંગરોળ, પોરબંદર, ને કરાંચી.
સ—હિંદુસ્તાનમાં બાહાર દેશાવરનો માલ કયા કયા મૂલકથી આવેછે?
જ—એમાં વેપારનો માલ ચીન, સિયામ, સિંગાપોર, અને વિલાયતથી ઘણો આવેછે તેની પેદાશ લોકોને બહુ થાયછે.
સ—હિંદુસ્તાનમાં મોટી મોટી રેલવે કંપનીઓ કઇ કઇ આવી છે ?
જ—ઇસ્ટ ઇન્ડિયા રેલવે. ઇસ્ટર્ન બેંગોલ, ઇસ્ટર્ન જબલપોર, પંજાબ રેલવે, દીલ્હી રેલવે, લાહોર અને રાવલપીંડી. અયોધ્યા ને રોહીલખંડ, મદ્રાસ લાઇન. ગ્રેટ સધર્ન ઇન્ડિયા, ગ્રેટ ઇન્ડિયન પેનિનશુલા, મુંબઇ વડોદરા રેલવે, સિંધ રેલવે. અને સાઉથ ઇસ્ટ રેલવે કંપની.
સ—હિંદુસ્તાનમાં મુખ્ય દેશી રાજ્યો કયાં કયાં આવેલાં છે ?
જ—ઘણાં ખરાં દેશી રાજ્યો સરહિંદ, માળવા, રજપૂતસ્થાન, બુંદેલખંડ, અને ગુજરાતમાં છે; પણ બધા કરતા નિઝામનું રાજ્ય દક્ષિણમાં સૌથી મોટું છે.
સ—હિંદુસ્તાનમાં મુખ્ય દેશી રાજ્યો હોય તેનાં નામદો ?
જ—મણીપુર, કુશબાહાર. સિકિમ. ગોવાળિઅર, ધોળપુર. ભરતપોર, અલવાર, જેપુર, વીકાનેર, ભાવલપુર, જેસલમીર, ખૈરપુર, જોદ્ધપુર, કચ્છ, કાઠિઆવાડ. વડોદરૂં, સિરોહી, ઉદેપુર, બુન્ડી, કોટા, ઇનદોર, ભોપાળ, સતારા. કોલાપુર, સાવંતવાડી, હૈદ્રાબાદ, મહિસૂર, કોચીન, ત્રાવણકોર વગેરે.

પ્ર—ઉપલા દેશી રાજ્યો હિંદુસ્તાનમાં કઇ કઇ જગ્યાએ છે ?

૯૮—મણીપુર (બ્રહ્મ દેશનું)—બંગાળા ઇલાકાની પૂર્વે.
કુશબાહાર—ભૂતાનની નૈરૂત્યે.
સિકિમ—નેપાલ તથા ભુતાનની વચ્ચે.
ગોવાળિઅર—(સિંધિઆનું)—આગ્રાની દક્ષિણે.
ધોળપુર—આગ્રાની નૈરૂત્યે.
ભરતપોર—(જાટ લોકોનું)—આગ્રાની વાયવ્યે.
અલવાર—જેપુરની ઇશાને.
જેપુર—જોદ્ધપુરની પૂર્વે, ને આગ્રાની પશ્ચિમે.
વીકાનેર—જેસલમીરની પૂર્વે.
બાવલપુર—જેસલમીરની ઉત્તરે.
જેસલમીર—મારવાડની ઉત્તરે.
ટોંકપુર (અમીર નબાબનું)—અજમેરની પશ્ચિમે.
જોદ્ધપુર (મારવાડનું)—અજમેરની પશ્ચિમે.
કચ્છ (રાણા સાહેબનું)—સિંધની અગ્નિ દિશાએ.
કાઠિઆવાડ (ખંડિયા રાજાઓનું)—ગુજરાતની પશ્ચિમ તરફનો ભાગ.
વડોદરૂં (ગાયકવાડ સરકારનું)—ગુજરાતમાં વિશ્વામિત્ર નદીઉપર.
સિરોહી—ગુજરાતની ઉત્તરે, ને જોદ્ધપુરની દક્ષિણે.
ઉદેપુર(મેવાડના રાણાનું)—મેવાડમાં બરાસ નદીઉપર.
બુન્દી—જેપુરની દક્ષિણે, ને મેવાડની પૂર્વે.
કોટા—મેવાડની પૂર્વે. ને બુન્દીની દક્ષિણે.
ઇનદોર (હોલકરનું)—માળવામાં, ઉજ્જનની દક્ષિણે.
ભોપાળ (બેગમ સાહેબનું)—માળવામાં ઉજ્જનની પૂર્વે.
સતારા—પુનાની દક્ષિણે.
કોલાપુર—સતારાની દક્ષિણે.

સાવંતવાડી—રત્નાગીરીની અગ્નિ તરફ, કોલાપુરની નૈરૂત્યે.

હૈદ્રાબાદ (નિઝામના રાજ્યનું)—મદ્રાસ ઇલાકામાં ક્રષ્ણાની ઉત્તરે, મુસી નદીઉપર.

મહિસૂર—દક્ષિણમાં, મલબારની ઇશાને.

કોચીન—મલબારની દક્ષિણે, દરિઆ કિનારે.

ત્રાવણકોર—મદ્રાસ ઇલાકામાં, કોચીનની દક્ષિણે.

સ—ઉપલા રાજ્યોના મુલકો હિંદુસ્તાનમાં કેવી રીતના છે ?

જ—એ અંગ્રેજ સરકારના આશરા તળેના મૂલકો છે.

સ—આશરા તળેના મૂલકો એટલે શું તે સમજાવો ?

જ—આશરા તળેના મૂલકો એટલે જે અંગ્રેજ સરકારસાથે ખંડિયાતા હોય તે, તથા જેની દેખરેખ અંગ્રેજ સરકાર રાખતી હોય, અને જે અંગ્રેજ સરકારને પૂરતું માન આપતા હોય તે.

સ—હિંદુસ્તાનમાં સ્વતંત્ર દેશી રાજ્યો ક્યાં ક્યાં છે ?

જ—કાસ્મીર, નેપાલ, ને ભૂતાન.

સ—સ્વતંત્ર દેશી રાજ્યો એટલે કેવાં તે સમજાવો ?

જ—સ્વતંત્ર દેશી રાજ્યો એટલે પોતાના રાજ્યનો વહિવટ પોતેજ ચલાવે તે, અને જે કોઇના કોઇ પણ પ્રકારના તાબામાં નહીં તે.

સ—હિંદુસ્તાનમાં સારી હવા લાયક જગ્યાઓ કઇ કઇ છે ?

જ—હિમાલયના ડુંગરાની નીચે સિમલા એ યુરોપિયનોને રેહેવાની સારી હવા વાળી જગ્યા છે, ને અહિંઆં હિંદુસ્તાનના ગવરનર જેનરલ સાહેબ પણ રેહેછે. બીજી પંજાબમાં જેલમ નદી આગળ મરી, અને સિકિમની દક્ષિણે દારજીલાંગ, એ પણ સારી હવાવાળી જગ્યા છે. એ શિવાય માહાબળેશ્વરનો ડુંગર, નિલગિરિ પર્વત અને ડુંગારની ટેકરી, એ પણ સારી સુખાકારી હવાની જગ્યા છે.

સ—સિમલા, માહાબળેશ્વરનો ડુંગર, ને નિલગિરી પર્વત એમા કયા કયા ઇલાકાના લોકો હવા ખાવા જાયછે ?

જ—સિમલા શેહેર એ બંગાળા ઇલાકાના લોકોનું હવા ખાવાનું ઠેકાણું; માહાબળેશ્વરનો ડુંગર એ મુંબઇ ઇલાકાના લોકોનું હવા ખાવાનું ઠેકાણું; ને નિલગિરિ પર્વત એ મદ્રાસ ઇલાકાના લોકોનું હવા ખાવાનું ઠેકાણું છે.

સ—સિમલા, માહાબલેશ્વરનો ડુંગર, ને નિલગિરી પર્વત એ હિંદુસ્તાનમાં કયે ઠેકાણે આવ્યા છે ?

જ—સિમલા એ હિમાલયના ડુંગરની નીચે સતલજ નદી આગળ લુધિઆનાની પાસે છે; માહાબલેશ્વરનો ડુંગર દક્ષિણમાં પુના સતારાની પાસે છે; ને નિલગિરી પર્વત દક્ષિણમાં મહિસુરની દક્ષિણે છે.

સ—હિંદુસ્તાનમાં બ્રિટિશ એટલે અંગ્રેજી રાજ્યના સૌથી ઉપરી અમલદાર કોણ હોયછે.

જ—એ રાજ્યના સૌથી ઉપરી અમલદાર ગવરનર જેનરલ છે.

સ—હિંદુસ્તાનના ગવરનર જેનરલ સાહેબને શું કહેછે ?

જ—હિંદુસ્તાનના ગવરનર જેનરલ સાહેબ તે હિંદુસ્તાનના સૌથી મોટા રાજ્યાધિકારી એટલે તેમને હિંદુસ્તાનની સરકાર કેહેછે, અને તેઓ વાઇસરોય કે રાજ્ય પ્રતિનિધી કેહેવાયછે.

સ—કાશ્મીર, સિરોહી, પાટણ, માંગરોળ, માળવા, બરાનપોર, થાણા, પૈઠણ, નાગપોર, મુર્શિદાબાદ, ઢાકા, ઓરિસા, ગો, વળકોંડા, મછલીપટ્ટણ, મલબાર એ પ્રાંતો તથા શેહેરો ક્યાં છે, ને તે શાને વાસ્તે નામીચાં છે ?

જ—કાશ્મીર, હિંદુસ્તાનની ઉત્તરે, જેલમ નદીઉપર, શાલને વાસ્તે નામીચું.

સિરોહી—ગુજરાતની ઉત્તરે આબુનીપાસે, તરવાર.

પાટણ—ગુજરાતમાં ડીસાની દક્ષિણે, સરસ્વતી નદીઉપર,

પટોળાં ને સુડી.

માંગરોળ—કાઠિઆવાડની દક્ષિણે, સોપારી.

માળવા—ગુજરાતની પૂર્વે, અફીણ.

બરાનપુર—ખાનદેશની પૂર્વે તાપી નદીઉપર, સેલારસ.

થાણા—ગુજરાતની દક્ષિણે, વસઇની પૂર્વે, બોટીયાં.

પૈઠણ—માહારાષ્ટ્રમાં ગોદાવરી નદીઉપર, પાઘડીઓ.

નાગપોર—વરાડ પ્રાંતમાં ઉમરાવતીની પૂર્વે, ધોતીયાં.

મુર્શિદાબાદ—બંગાળા ઇલાકામાં ભાગીરથી નદીઉપર. વેપારનાં કારખાનાં.

ધાકા—બંગાળા ઇલાકામાં ભાગીરથી તથા બ્રહ્મપુત્ર નદીવચ્ચે. વેપારનાં કારખાનાં.

ઓરિસા—બંગાળા ઇલાકામાં નૈરૂત્યે, હીરા.

ગોવળકાંડા—મદ્રાસ ઇલાકામાં નિઝામની પૂર્વે, હીરા.

મછલીપટ્ટણ—મદ્રાસ ઇલાકામાં દરિઆ કાંઠે, ગોદાવરી તથા કૃષ્ણાના મુખ આગળ, મલમલ.

મલબાર—મહિસુરની પશ્ચિમે દરિઆ કાંઠે, લાકડાંને મરી.

સ—શીખ લોકોની, મોગલ લોકોની, સિંધિઆની, મારવાડની, મેવાડની, વિક્રમ રાજાની, હોલકરની, ખાનદેશની, બીરારના રાજાની, માહારાષ્ટ્ર અથવા પેશવાની. તૈલંગણની, નિઝામના રાજ્યની, ફિરંગી લોકોની, ઉત્તર કેનેડાની, અને ફ્રેન્ચ લોકોની રાજધાની કઇ અને તે ક્યાં છે?

જ—શીખ લોકોની રાજધાની અમૃતસર, પંજાબ ઇલાકામાં બીઆસ ને રાવી નદીવચ્ચે.

મોગલ લોકોની દીલ્હી, પંજાબ ઇલાકામાં જમના નદીઉપર.

સિંધિઆની કનોજ ને ગોવાળિઅર; કનોજ આગ્રાની પૂર્વે, ને ગોવાળિઅર આગ્રાની દક્ષિણે.

મારવાડની જોદ્ધપુર, અજમેરની પશ્ચિમે.

મેવાડની ઉદેપુર, સિરોહીની દક્ષિણે.
વિક્રમ રાજાની ઉજ્જન, માળવામાં ક્ષિપ્રા નદીઉપર.
હોલકરની ઇનદોર, માળવામાં ઉજ્જનની દક્ષિણે.
ખાનદેશની ધુળે (ધુળીઆ), માહારાષ્ટ્રમાં પાંજરા નદીઉપર.
બીરારના રાજાની નાગપોર, વરાડ પ્રાંતમાં ઉમરાવતીની પૂર્વે.
માહારાષ્ટ્રની અથવા પેશવાની પુના, માહારાષ્ટ્રમાં મૂળમુઠા ઉપર. તૈલંગણની વારંગુળ, નિઝામના રાજ્યમાં હેદ્રાબાદની ઇશાને. નિઝામના રાજ્યની હેદ્રાબાદ, મદ્રાસ ઇલાકામાં કૃષ્ણાની ઉત્તરે, મુસી નદીઉપર.
ફિરંગી લોકોની ગોવા, માહારાષ્ટ્રમાં સાવંતવાડીની દક્ષિણે.
ઉત્તર કેનેડાની હોનાવર, માહારાષ્ટ્રમાં ગોવાની દક્ષિણે.
ફ્રેન્ચ લોકોની પોન્ડિચરી, મદ્રાસની દક્ષિણે.

સ—હિંદુસ્તાનનું રાજ્ય ઇન્ડિયા કંપનીપાસે હતું તે આપણા માહારાણી સાહેબે પોતાના હાથમાં ક્યારે લીધું ?

જ—તારીખ ૧લી નવેમ્બર સન ૧૮૫૮ ને રોજ.

સ—હિંદુસ્તાનની લંબાઇ પોહોળાઇ કેટલી છે તે કોહો ?

જ—ઉત્તરે કાસ્મીર પ્રાંતથી દક્ષિણે કેપ કન્યાકુમારી સુધી એ દેશની લંબાઇ આસરે ૧૯૦૦ માઇલ ને પશ્ચિમે સિંધથી તે પૂર્વ આસામના મૂલક સુધી પોહોળાઇ આસરે ૧૮૦૦ માઇલ છે.

સ—હિંદુસ્તાનનું ક્ષેત્રફળ, તથા વસ્તી કેટલી છે તે કોહો

જ—ક્ષેત્રફળ આસરે ૧૫.૮૨.૧૨૦ ચોરસ માઇલ, ને વસ્તી આશરે ૨૫ કરોડ માણસની છે.

સ—હિંદુસ્તાનની મુખ્ય પેદાશ શું થાયછે તે કોહો ?

જ—અફીણ, કપાસ, કોયલા, ખાંડ, ગળી, ચાહ, તમાકુ, ત્રાંબું, લોઢું, સોનું, મીઠું, રેશમ, સુરોખાર, હાથીદાંત, હીરા, મોતી, ને શાલો બનાવવાનું ઉન; તેમજ સાગ, સીસમ,

સુખડ વગેરેનાં લાકડાં, તથા તાડ. નાળિએરી, સોપારી ને તેજાનાનાં ઝાડ પણ પુષ્કળ થાયછે.

સ—હિંદુસ્તાનમાં શાલો બનાવવાનું ઉન ને હીરા એ ક્યા પ્રાંતમાં સારા નિપજે છે?

જ—કાસ્મીરમાં શાલો બનાવવાનું ઉન સારૂં થાયછે, તેથી ત્યાંની શાલ ઘણી સારી વખણાયછે. ને મદ્રાસ, ઇલાકામાં ગોવલકોંડા તથા ઓરિસા પ્રાંતમાં હીરા ઘણા સારા નિપજે છે.

## હિંદુસ્તાનના મુખ્ય શેહેરોની, તથા શેહેરોને લગતા કસ્બાની વસ્તીનો આશરો.

| | | |
|---|---|---|
| મુંબઇ. | ૬૪૪૦૦૦ | આરબી સમુદ્રમાં કોકણ પટીના કિનારા-ઉપર, બેટમાં. |
| મદ્રાસ. | ૪૦૦૦૦૦ | બંગાળાના ઉપસાગરમાં. દરિઆ કાંઠે. |
| કલકત્તા. | ૪૪૮૦૦૦ | બંગાળા ઇલાકામાં, હુગલી નદીઉપર. |
| લખનો. | ૩૦૦૦૦૦ | આગ્રા ઇલાકામાં. ગોમતી નદી ઉપર. |
| પાટણા. | ૨૮૪૦૦૦ | બંગાળા ઇલાકામાં, ભાગીરથીને કાંઠે. |
| હૈદ્રાબાદ. | ૨૦૦૦૦૦ | મદ્રાસ ઇલાકામાં, કૃષ્ણાને મળનારી મુસી નદીઉપર. |
| કાશી | ૧૮૪૦૦૦ | એલાહાબાદની પૂર્વે. ગંગાને કાંઠે. |
| મુર્શિદાબાદ. | ૧૬૫૦૦૦ | બંગાળા ઇલાકામાં. ભાગીરથીને કાંઠે. |
| દીલ્હી. | ૧૬૦૦૦૦ | પંજાબ ઇલાકામાં. જમના નદીઉપર. |
| વડોદરૂં. | ૧૩૦૦૦૦ | ગુજરાતમાં વિશ્વામિત્રી નદીઉપર. |
| અમદાવાદ. | ૧૧૬૦૦૦ | ગુજરાતમાં સાબરમતી નદીઉપર. |
| નાગપુર. | ૧૧૫૦૦૦ | ઇલીચપુરની પૂર્વે, વરાડ પ્રાંતમાં. |
| કાનપુર. | ૧૧૦૦૦૦ | લખનોની નૈરૂત્યે, ગંગાને કાંઠે. |
| બરેલી. | ૧૧૦૦૦૦ | આગ્રાની ઈશાને, રામગંગાની શાખાપર. |
| સુરત. | ૧૦૭૦૦૦ | ગુજરાત પ્રાંતમાં, તાપી નદીઉપર. |

| | | |
|---|---|---|
| લાહોર. | ૧૦૦૦૦૦ | પંજાબ ઇલાકામાં, રાવી નદીઉપર. |
| ફૈજાબાદ. | ૧૦૦૦૦૦ | લખનોની પુર્વે. ગોમતી નદીઉપર. |
| ભરતપોર. | ૧૦૦૦૦૦ | આગ્રાની પશ્ચિમે. |
| આગ્રા. | ૧૦૦૦૦૦ | આગ્રા ઇલાકામાં. જમના નદીઉપર. |
| અમૃતસર. | ૯૦૦૦૦ | પંજાબમાં. બીઆસ ને રાવી નદીવચ્ચે. |
| તન્જુર. | ૯૦૦૦૦ | મદ્રાસ ઇલાકામાં. મધુરાની દક્ષિણે. |
| મીરજાપોર. | ૮૦૦૦૦ | એલાહાબાદની અગ્નિએ. ગંગાને કાંઠે. |
| મુલતાન | ૮૦૦૦૦ | પંજાબ ઇલાકામાં, ચીનાબ નદીઉપર. |
| તંજાવર | ૮૦૦૦૦ | ત્રિચિનોપાલ્લીનીપુર્વે,કાવેરીનીશાખઉપર. |
| જોદ્ધપુર. | ૮૦૦૦૦ | મારવાડમાં, સિરોહીની ઉત્તરે. |
| પુના. | ૮૦૦૦૦ | માહારાષ્ટ્રમાં મૂળમુઠા નદીઉપર. |
| ઢાકા. | ૬૭૦૦૦ | ભાગીરથી તથા બ્રહ્મપુત્રા નદી બચ્ચે. |
| ફરૂકાબાદ. | ૬૬૦૦૦ | કનોજની ઇશાને, ગંગાને કાંઠે. |
| એલાહાબાદ. | ૬૫૦૦૦ | ગંગા તથા જમનાના સંગમઉપર. |
| સાજાનપોર. | ૬૫૦૦૦ | આગ્રા ઇલાકામાં બરેલીની અગ્નિએ. |
| ઝાંસી. | ૬૦૦૦૦ | બુદેલખંડમાં, ગોવાળિઅરની દક્ષિણે. |
| ઔરંગાબાદ. | ૬૦૦૦૦ | ગોદાવરી નદીઉપર, પૈઠણની ઉત્તરે. |
| મહિસર. | ૬૦૦૦૦ | મદ્રાસ ઇલાકામાં, મલબારની પૂર્વે. |
| કરાંચી. | ૫૫૦૦૦ | સિંધ પ્રાંતમાં, સિંધુ નદીઉપર. |
| પેશાવર. | ૫૪૦૦૦ | પંજાબ ઇલાકામાં. અટકની પશ્ચિમે. |
| આર્કોટ. | ૫૪૦૦૦ | વેલુરની પૂર્વે, પાલાર નદીઉપર. |
| બરદવાન. | ૫૪૦૦૦ | બંગાળા ઇલાકામાં, કલકત્તાની વાયવ્યે. |
| કોલંબો. | ૫૦૦૦૦ | લંકામાં નૈરૂત્યે. દરિઆ કિનારે. |
| મથુરા | ૫૦૦૦૦ | આગ્રા ઇલાકામાં, જમના નદીઉપર |
| વેલુર. | ૫૦૦૦૦ | મદ્રાસ ઇલાકામાં, આર્કોટની પશ્ચિમે. |
| બીકાનેર. | ૫૦૦૦૦ | પંજાબની દક્ષિણે, ભાવલપુરની પૂર્વે. |
| ખટમેન્ડુ. | ૫૦૦૦૦ | સીકીમની પશ્ચિમે, ગોરકપુરની ઇશાને. |

| | | |
|---|---|---|
| લુધિઆના. | ૪૨૦૦૦ | સતલજ નદીનીપાસે. સીમલાની પશ્ચિમે. |
| ગયાજી. | ૪૩૦૦૦ | બંગાળા ઈલાકામાં. પાટણની દક્ષિણે. |
| જુનાગઢ. | ૪૦૦૦૦ | કાઠિઆવાડમાં. ગીરનાર પર્વતનીપાસે. |
| કટક. | ૪૦૦૦૦ | બંગાળા ઈલાકામાં, મહા નદીઉપર. |
| ભરૂચ. | ૩૫૦૦૦ | ગુજરાત પ્રાંતમાં નર્મદા નદીઉપર. |
| માંડવી. | ૩૬૦૦૦ | કચ્છ પ્રાંતમાં. ભુજની દક્ષિણે મોટું બંદર. |
| જેસલમીર. | ૩૫૦૦૦ | ભાવલપૂરની દક્ષિણે. |
| ખંભાત | ૩૪૦૦૦ | ગુજરાત પ્રાંતમાં. મહી નદીઉપર. |
| ચંદ્રનગર. | ૩૨૦૦૦ | બંગાળા ઈલાકામાં, શ્રીરામપોરની ઉત્તરે. |
| બેલ્લારી. | ૩૧૦૦૦ | મદ્રાસ ઈલાકામાં, કર્નુરની નૈરૂત્યે. |
| જગન્નાથ. | ૩૦૦૦૦ | બંગાળા ઈલાકામાં, દક્ષિણે, દરિઆ કાંઠે. |
| આકબરાબાદ. | ૩૦૦૦૦ | બંગાળા ઈલાકામાં, ભાગીરથીને કાંઠે. |
| ત્રિચિનોપલી. | ૩૦૦૦૦ | મદ્રાસ ઈલાકામાં, કાવેરી નદીઉપર. |
| ત્રિનકોમાલી. | ૩૦૦૦૦ | લંકામાં ઈશાન તરફ, દરિઆ કાંઠે. |
| પોન્ડિચરી. | ૩૦૦૦૦ | મદ્રાસની દક્ષિણે, દરિઆ કાંઠે. |
| ભાવનગર. | ૩૦૦૦૦ | કાઠિઆવાડમાં અગ્નિ ખુણે, ધોઘાનીપાસે. |
| મીરત. | ૩૦૦૦૦ | આગ્રા ઈલાકામાં, દીલ્હીના ઈશાને. |
| શિકારપુર. | ૩૦૦૦૦ | સિંધુ નદીપાસે, ખૈરપુરની ઉત્તરે. |
| મછલીપટ્ટણ. | ૨૮૦૦૦ | ગોદાવરી તથા કૃષ્ણાના મુખપાસે. |
| નાશીક. | ૨૬૦૦૦ | માહારાષ્ટ્રમાં ગોદાવરી નદીઉપર. |
| કડી. | ૨૫૦૦૦ | ગુજરાત પ્રાંતમાં. પાટણની દક્ષિણે. |
| અજમેર. | ૨૫૦૦૦ | રજપુતસ્થાનમાં, જોદ્ધપુરની પૂર્વે. |
| બાહાર. | ૨૫૦૦૦ | બંગાળા ઈલાકામાં, પાટણાની અગ્નિ તરફ. |
| ત્રાંકવિબાર. | ૨૫૦૦૦ | મદ્રાસ ઈલાકામાં તંજાવરની પૂર્વે. |
| નડિઆદ. | ૨૫૦૦૦ | ગુજરાત પ્રાંતમાં. ખેડાની અગ્નિ તરફ. |
| હૈદ્રાબાદ. | ૨૪૦૦૦ | સિંધ પ્રાંતમાં, ખૈરપુરની દક્ષિણે. |
| ભુજ. | ૨૪૦૦૦ | કચ્છની રાજધાની, માંડવીની ઉત્તરે. |

| | | |
|---|---|---|
| પાનીપત. | ૨૧૦૦૦ | પંજાબ ઇલાકામાં. દીલ્હીની ઉત્તરે. |
| ધોળકા. | ૨૦૦૦૦ | ગુજરાત પ્રાંતમાં અમદાવાદની દક્ષિણે. |
| ભાવલપૂર. | ૨૦૦૦૦ | પંજાબની દક્ષિણે, ઘારા નદીઉપર. |
| કોચીન. | ૨૦૦૦૦ | મદ્રાસ ઇલાકામાં. કેલિકટની દક્ષિણે. |
| બરાનપોર. | ૨૦૦૦૦ | ખાનદેશનો પૂર્વે. તાપી નદીઉપર. |
| પંઢરપુર | ૨૦૦૦૦ | માહારાષ્ટ્રમાં. ભીમા નદીઉપર. |
| પોરબંદર. | ૨૦૦૦૦ | ગુજરાતમાં. કાઠિઆવાડની દક્ષિણે. |
| ટાલચરી. | ૨૦૦૦૦ | કાનાનૂરની દક્ષિણે. દરિઆ કાંઠે. |
| મંગલૂર. | ૨૦૦૦૦ | ગોવાની દક્ષિણે. દરિઆ કિનારે. |
| નલ્લુર. | ૨૦૦૦૦ | મદ્રાસની ઉત્તરે. પનાર નદીઉપર. |
| કેનુલ. | ૨૦૦૦૦ | મદ્રાસ ઇલાકામાં, કૃષ્ણા નદીઉપર. |
| ગંતુર. | ૨૦૦૦૦ | મદ્રાસ ઇલાકામાં. કૃષ્ણા નદીઉપર. |
| વીરમગામ. | ૨૦૦૦૦ | ગુજરાત પ્રાંતમાં, અમદાવાદની પશ્ચિમે. |
| પાલણપોર. | ૧૮૦૦૦ | ગુજરાતની ઉત્તર તરફ. ડીસાની પૂર્વે. |
| રાજમંદ્રિ. | ૧૬૦૦૦ | મદ્રાસ ઇલાકામાં. ગોદાવરી નદીઉપર. |
| કનોજ. | ૧૬૦૦૦ | આગ્રા ઇલાકામાં, ગોવાલિયરની પૂર્વે. |
| દીનાપુર. | ૧૬૦૦૦ | પાટણાની પાસે, ભાગીરથી નદીને કાંઠે. |
| રાવલપીંડી. | ૧૬૦૦૦ | પંજાબ ઇલાકામાં. અટકને અગ્નિખૂણે. |
| કેલિકટ. | ૧૫૦૦૦ | મદ્રાસ ઇલાકામાં, કાનાનૂરની દક્ષિણે. |
| ઇનદોર. | ૧૫૦૦૦ | માળવામાં ઉજજનની દક્ષિણે. |
| વિજયનગર. | ૧૫૦૦૦ | મદ્રાસ ઇલાકામાં. વિજગાપટ્ટણની ઉત્તરે. |
| જંબુસર. | ૧૫૦૦૦ | ગુજરાત પ્રાંતમાં. ભરૂચ જીલ્લાની ઉત્તરે. |
| ઉમરેઠ. | ૧૪૦૦૦ | ગુજરાત પ્રાંતમાં. ખેડા જીલ્લાની પૂર્વે તરફ. |
| રાધણપોર. | ૧૪૦૦૦ | ગુજરાત પ્રાંતમાં, બનાસ નદીઉપર. |
| કપડવંજ. | ૧૪૦૦૦ | ગુજરાત પ્રાંતમાં, ખેડાજીલ્લાની ઉત્તરે. |
| શ્રીરંગપટ્ટણ. | ૧૩૦૦૦ | મદ્રાસ ઇલાકામાં, કાવેરી નદઉપર. |
| શ્રીરામપોર. | ૧૩૦૦૦ | બંગાળા ઇલાકામાં. હુગલી નદીને કાંઠે. |

| | | |
|---|---|---|
| ખેડા. | ૧૩૦૦૦ | ગુજરાતમાં, વાત્રકને શેઢીના સંગમ ઉપર. |
| ધોળેરા. | ૧૨૦૦૦ | ગુજરાતમાં, ધંધુકાની દક્ષિણે મોટું બંદર. |
| હોનાવર. | ૧૨૦૦૦ | દક્ષિણ માહારાષ્ટ્રમાં. કેનેડાનું મુખ્ય શેહેર. |
| સ્થાનેશ્વર. | ૧૨૦૦૦ | આગ્રા ઇલાકામાં, જમનાની પાસે. |
| ધાણુ. | ૧૨૦૦૦ | ગુજરાત પ્રાંતના સુરત જીલ્લાની દક્ષિણે. |
| બોરસદ. | ૧૨૦૦૦ | ગુજરાત પ્રાંતમાં, ખેડા જીલ્લાની દક્ષિણે. |
| ગોધરા. | ૧૧૦૦૦ | પંચમાહાલ જીલ્લામાં, ઉમરેઠની પૂર્વે. |
| દાહોદ. | ૧૧૦૦૦ | પંચમાહાલ જીલ્લામાં, ગોધરાની પૂર્વે. |
| વલસાડ. | ૧૧૦૦૦ | સુરત જીલ્લાની દક્ષિણે. ઔરંગા નદી પર. |
| મહુધા. | ૧૧૦૦૦ | ખેડા જીલ્લામાં, નડિયાદની ઉત્તરે. |
| ગોવા. | ૧૦૦૦૦ | દક્ષિણ માહારાષ્ટ્રમાં, સાવંતવાડીની દક્ષિણે |
| સાવંતવાડી. | ૧૦૦૦૦ | દક્ષિણ માહારાષ્ટ્રમાં. ગોવાની ઉત્તરે. |
| રાંદેર. | ૧૦૦૦૦ | ગુજરાતના સુરત જીલ્લામાં, તાપી ઉપર. |
| ધંધુકા. | ૧૦૦૦૦ | ગુજરાત પ્રાંતમાં. ધોળેરાની ઉત્તરે. |
| ઠઠ્ઠા. | ૧૦૦૦૦ | સિંધ પ્રાંતમાં, સિંધુ નદી ઉપર. |
| ઇડર. | ૧૦૦૦૦ | ગુજરાતમાં, પાટણની પૂર્વે. |
| ઘોઘા. | ૧૦૦૦૦ | ગુજરાતમાં, ભરૂચ જીલ્લાની પશ્ચિમે. |
| અંકલેસર. | ૯૦૦૦ | ભરૂચની દક્ષિણે, ઓરપાડની ઉત્તરે. |
| આણંદ. | ૯૦૦૦ | ખેડા જીલ્લામાં, ઓડ ઉમરેઠની પાસે. |
| અયોધ્યા. | ૮૦૦૦ | આગ્રા ઇલાકામા, ગોગ્રા નદી ઉપર. |

# જાહેર ખબર.

નીચે લખેલી ચોપડીઓ સુરતમાં ચોક બજાર, નાણાવટ અને ભાગાતળાવના બુકસેલરો. મુંબઈમાં ભૂલેશ્વર આગળ માવજી જેરામના માળામાં ડાહ્યાભાઈ જગજીવનદાસ, કાળકાદેવી આગળ દામોદરદાસ ઇશ્વરદાસ તથા શેરીઆદજી હોરમજજી બુક સેલરો, ધોબીતળાવ આગળ એરચશા બેજનજી કરાંણી બુક સેલર, કોટમાં જાહાંગીરજી બેજનજી કરાણી તથા શાપુરજી ફરામજી માંડણ બુકસેલરો, પુનામાં સદર બજારમાં છગનલાલ ખોડીદાસ માસ્તર, વલસાડમાં દુવારકાદાસ પરભૂદાસ બુકસેલર, ભરૂચમાં ફતેપોરના બજારમાં કાગદી કાદરભાઈ ચાંદાભાઈ બુકસેલર, રાજકોટમાં પરી.લખમીચંદ ઉત્તમચંદ બુકસેલર.અને કરાંચીમાં છાપના બુકસેલર પાસેથી વેચાતી મળશે. ચોપડીઓના કમીશન વગેરેનો બંદોબસ્ત કરવો હોયતો મુંબઈમાં ડાહ્યાભાઈ જગજીવનદાસ અને સુરતમાં સગરામપરે મી. નગીનદાસ ફકીરભાઈ કાસીદાસને પોષ્ટપેડ કાગળથી લખી જણાવવું.

- ૦-૪-૬ ગુજરાતી પેહેલી ચોપડીના અર્થ.
- ૦-૨-૦ ગુ૦ બીજીના અર્થ.
- ૦-૩-૦ ગુ૦ ત્રીજીના અર્થ.
- ૦-૪-૬ ગુ૦ ચોથીના અર્થ.
- ૦-૫-૦ ગુ૦ પાંચમીના અર્થ.
- ૦-૬-૦ ગુ૦ છઠીના અર્થ.
- ૦-૮-૦ ગુ૦ સાતમીના અર્થ.
- ૦-૨-૦ સુરત જીલ્લાની ભૂગોળ.
- ૦-૧-૬ મુંબઈ ઇલાકાની ભૂગોળ.
- ૦-૩-૦ હિંદુસ્તાનની ભૂગોળ.
- ૨-૦-૦ છેલનીવારતા. (ઘણીજ રમુજી).
- ૨-૦-૦ બદીઅલ જમાલ પરીની વારતા.
- ૦-૬-૬ દોહેડા સંગ્રહ.
- ૦-૩-૦ ચિત્ર પોથી.
- ૦-૧-૦ કોષ્ટકની ચોપડી.
- ૦-૪-૦ અંગ્રેજી પેહેલીચોપડીના મીનિંગ તરજુમા સહિત.
- ૦-૬-૦ સેકન્ડ બુક પાર્ટ ફર્સ્ટના મીનિંગ તરજુમાં સહિત
- ૦-૧૦-૦ સે.બુ.પા.સે.ના મીનિંગ
- ૦-૧૨-૦ થર્ડ બુકના મીનિંગ.

જથાબંધ ચોપડી લેનારને ઘણુંજ સારૂં કમીશન આપવામાં આવશે.